૨ વા-૬૨-૬૯

અંક
૬૯

૧૮ ઓગષ્ટ
૧૯૬૫૨-૬૯

વરસ
૬

# બુદ્ધિપ્રભા

## જૈન ડાયજેસ્ટ

ક્ષમા ધરો ! અપરાધી ઉપર,
સહુ જીવો છે ભૂલને પાત્ર;
ક્ષમા થકી ટળે વૈર વિરોધો,
નિર્વૈરી થાવે જીવ માત્ર.

⊙

ખમો ખમાવો જીવને,
ક્રોધાદિક કરી ત્યાગ;
સિદ્ધ સમા સહુ જીવ છે,
નિર્મલ મહા સોભાગ.

—શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

બુદ્ધિપ્રભાના આવા પાતળા
**પર્યુષણ અંક**
માટે વાંચો આ અંકમાં
પાના નં. ૧-૨-૩-૪

3838
3838

मित्ती मे सव्व भूएसु वेरं मज्झं न केणई।

**બધા જીવો સાથે મારે દોસ્તી છે; દુશ્મની મારે કોઈ સાથે નથી.**

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી સાહિત્ય પ્રકાશન મંદિર સંચાલિત.



# બુદ્ધિપ્રભા

## [જૈન ડાયજેસ્ટ]


સંપાદક

ગુણવંત શાહ

⊙

રૂ. ૫-૦૦ (ભારત)

રૂ. ૭-૦૦ (પરદેશ)

⊙

C/o જે. એસ. દંતારા

૧૨/૧૬, ત્રીજો ભોયવાડો

પહેલે માળે

મુંબઈ ૨.

⊙

રૂબરૂ મળો :

C/o ભગવાન શાહ

૧૭૦/૭૨, ગુલાલવાડી

પહેલે માળે

મુંબઈ—૪.


બુદ્ધિપ્રભાના
સત્તાવાર કે બિનસત્તાવાર
તમામ વાચકો,
હિતચિંતકો, પ્રચારકો,
પ્રેરકો તેમજ દાતાઓ સૌને—
અમારાથી બુદ્ધિપ્રભાના કામના
દબાણમાં કે—
ઇતર પ્રવૃત્તિઓની આળમાં
બેદરકારીમાં,
આળસ કે ઉપેક્ષાથી
જાણતાં કે અજાણતાં આપનું
મન દુભાયું હોય તો
તે પાપોની આત્મસાક્ષીએ
મન—વચન—કાયાથી
મિચ્છામિ દુક્કડં
દઈએ છીએ.

**તંત્રીઓ.**

સંપાદકીય

# ક્ષમાયાચના

ગયા જુલાઈ માસના શરૂના જ દિવસોમાં હૃદયના હુમલાથી (હાર્ટ-એટેક) હું પથારીમાં પડયો. તબીબોએ સંપૂર્ણ આરામની કડક સૂચના કરી. આથી મારી તમામ પ્રવૃત્તિયોને મારે ન છૂટકે બંધ કરવી પડી. આથી પર્યુષણ અંક માટે જોઇએ તેવું, ને જોઇએ તેટલું સાહિત્ય હું તૈયાર ન કરી શકયો. મારા સાથી મિત્રો પણ મારી બિમારીથી બેચેન હતા.

આથી ન છૂટકે સંજોગો સામે હાર સ્વીકારીને, દુભાતે દિલે પર્યુષણનો દળદાર અંક ન કાઢતાં માત્ર આટલા જ પાનાનો અંક કાઢી મારે ચલાવવું પડયું છે.

અંક સમૂળગો બંધ ન રહે અને એવી કોઇ હવા ન ફેલાય કે બુદ્ધિપ્રભા તો બંધ થયું છે. એ હેતુથી તેમજ શારીરિક અને માનસિક લાચારીના કારણે 'ચોપાનીયા' જેવો આ અંક આપના હસ્તકમળમાં ધ્રૂજતા હાથે અને હૈયે મૂકુ છું.

આશા રાખુ છું સંજોગોને લઇને કરવી પડેલી આ બાંધછોડ માટે આપ સૌ મને ઉદાર દિલે ક્ષમા આપશો જ.

લી. આપનો,

**ગુણવંત શાહ**, સંપાદક

[ **તા. ક:**—મારી જીવલેણ ઘાત માટે જેઓએ પત્રથી તેમજ રુબરૂ આવીને મારા પ્રત્યે જે મમતા અને લાગણી બતાવી મારી તંદુરસ્તીની પ્રાર્થના કરી છે તે સૌ શુભેચ્છકોનો આભાર માનું છું. અને જે પૂજ્ય શ્રમણ ભગવંતોએ વાસક્ષેપ મોકલી શુભ આશીર્વાદ પાઠવ્યા છે તેઓનો ઉપકાર પણ ભૂલ્યો ન ભૂલાય તેવો છે......સં. ]

**અધ્યાત્મ જ્ઞાન દિવાકર, યોગનિષ્ઠ, સ્વર્ગસ્થ આચાર્ય ભગવંત શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના સકલ સાધુ-સાધ્વી સમુદાય જોગ એક**

# નમ્ર વિનંતી

પ્રાતઃસ્મરણીય અને પૂજનીય એવા સૌ આપને મારી ૧૦૦૮ વંદના હો.

આપ સૌ જાણો છો કે બુદ્ધિપ્રભા માસિક એ આપણા સૌના શ્રદ્ધેય અને આરાધ્ય ગુરુદેવ ભગવંત શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મહારાજ સાહેબના બહુમૂલ્ય સાહિત્યનું પ્રચાર કરતું માસિક છે. આજ આપ સૌના આશીર્વાદથી બુદ્ધિપ્રભાને પ્રતિષ્ઠા પણ મળી છે.

પરંતુ વ્યક્તિગત સાહસે એક સામુદાયિક માસિકને બધી જ રીતે સદ્ધર રાખવું તે એક મહાભારત કામ છે.

અમારાથી બનતા બધા જ પ્રયત્ને અમે બુદ્ધિપ્રભાને પગભર કરવા તેમજ તેના દ્વારા ગુરુદેવના સંદેશને ઘરે ઘરે ગૂંજતો કરવા પ્રયત્ન કરીએ છીએ. પરંતુ અમારી શકિત અને સાધનોને મર્યાદા હોઇ 'બુદ્ધિપ્રભા' હજી આર્થિક રીતે પગભર બની શકયું નથી.

શ્રી ઉપધાન પ્રસંગે મહુડીમાં આપ [illegible] સમક્ષ આ અંગે આપ સૌને આ હકીકત સમજાવી હતી. ત્યા[illegible] દર મહિને એ ખોટ મોટીને મોટી થતી જાય છે.

તો આ પર્વાધિરાજ પર્યુષણ જેવા વિ[illegible] આપ સૌને નમ્ર વિનંતી કરીએ છીએ કે—

આપ સૌ જ્યાં જ્યાં બિરાજમાન હોય ત્યાં ત્યાં

**બુદ્ધિપ્રભાના ગ્રાહકો બનાવવા, પેટ્રન સભ્ય (રૂા. ૨૫૧) આજીવન સભ્ય (રૂા. ૧૫૧), સહાયક સભ્ય (રૂા. ૧૦૧),**

**શુભેચ્છક સભ્ય (રૂા. ૫૧) બનાવવા [સંઘ કે સંસ્થા પણ આમાંથી કોઈપણ પ્રકારના સભ્ય તરીકે નામ નોંધાવી શકે છે.]**

**તેમજ અંક પ્રકાશન નિમિત્તે નાની મોટી ભેટ રકમો અપાવવા માટે પ્રેરણા કરી.**

ગુરુભક્તિના આ માસિક પ્રકાશનમાં ઉમદા સહકાર અપાવશો.

અંતમાં જાણતાં કે અજાણતાં અમારાથી આપનું મન દુભાયું હોય ને અમે કંઇ આપના ક્લેશ નિમિત્તનું કારણરૂપ બન્યા હોઇએ તો તે સર્વ સ્થૂળ અને સૂક્ષ્મ પાપોની આત્મ સાક્ષીએ આપ સૌની મન-વચન અને કાયાથી અંતઃકરણ પૂર્વક ક્ષમા માંગીએ છીએ.

---


# KOTHAREE & SONS

**Founder : SAGO INDUSTRY**

**62-B, Peria Eluthukara Street**

**Post Box No. 201.**

**SHEVAPET, SALEM-2**

**(MADRAS)**

**Phone : 3227**
**3429**

**Gram : KOHINOOR**

# અહિંસા

⊙

મદ્રાસ રાજ્યના તાંજોર જિલ્લામાં આધનૂર નામના ગામમાં નંદ નામના એક મોટા સંત થઈ ગયા.

તેમનો જન્મ ચમાર જાતિમાં થયો હતો. અસ્પૃશ્યોને તો તે વખતે મંદિરમાં કોણ પેસવા દે ?

એ લોકો—ચમારો પોતાનાં જુદા દેવદેવીની પૂજા કરતા અને તેમની આગળ બકરાં, પાડા કે મરઘાં બધેરતાં. આવો ભોગ ચડાવવાથી દેવ–દેવી ખુશ થાય છે એમ તેઓ માનતા.

ભકતરાજ નંદને આ રીવાજ ગમતો નહિ તેથી તે એનો સખ્ત વિરોધ કરતા.

એવામાં એક વખત નંદ ખૂબ બિમાર પડયા. ઘરડા લોકો આવી તેમને કહેવા લાગ્યા:—

" લેતો જા, તું આપણી દેવીને માનતો નથી ને ? તો ભોગવ હવે તેનું ફળ. તારા બાપ પણ રોગમાં મરી ગયા અને હવે તું પણ મરીશ. માટે સમજીને દેવીની માફી માગ અને તેને બકરો ચડાવ. "

ભક્તરાજ નંદે મક્કમતાથી કહ્યું:—

" ભલે હું રોગમાં મરી જઉં પણ બકરો મારીને મારે જીવવું નથી. હું તો માત્ર ભગવાનની પ્રાર્થના જ કરીશ. "

★

# તપ અને ત્યાગ

સંત રંગદાસ નાના હતા ત્યારની આ વાત છે. એક દિવસ તેમના બાપુજીએ તેમને બજારમાંથી ફળ લેવા મોકલ્યા.

બજારે જતાં રસ્તામાં તેમણે એક ગરીબ માણસને જોયો. તે ચીંથરેહાલ દશામાં હતો અને બે ત્રણ દિવસનો ભૂખ્યો હતો.

બાળક રંગદાસનું હૃદય દયાથી ભરાઈ આવ્યું. તેમણે તરત જ પોતાની પાસે પૈસા હતા તે બધા એ ગરીબ માણસને આપી દીધા. પછી તે ફળ લીધા વિના'જ સીધા ઘેર આવ્યા.

પિતાએ રંગદાસને પૂછયું:

"બેટા ! ફળ લીધા વિના કેમ પાછો આવ્યો ?"

"બાપુ ! હું આપણે માટે અમરફળ લઈ આવ્યો છું." રંગદાસે કહ્યું.

પિતાશ્રીએ નવાઈ પામી પૂછયું. "કયાં છે ? બતાવ જોઉં."

ત્યારે રંગદાસે જવાબ આપ્યો:

"બાપુ ! આપણા જેવો કોઈ માણસ રસ્તામાં ચીંથરેહાલ દશામાં ભૂખે ટળવળતો હતો ! તેની એવી દશા જોઈ મેં એને બધા પૈસા આપી દીધા ! !

બાપુ ! જો હું એ પૈસાના ફળ લઇને આવત તો થોડો વખત જ તેની મીઠાશ આપણને ચાખવા મળત, જ્યારે આ કાર્યના ફળની મીઠાશ તો હંમેશને માટે રહેશે, ખરું ને ?

# રાત એળે ગઈ

એકવાર મહાત્મા ફજલની સાથે સુફિયાને આખી રાત **ધર્મ** ચર્ચામાં પસાર કરી. બીજે દિવસે મહાત્મા ફજલની વિદાય **લેતાં** સુફિયાની બોલ્યા:

"ગઈ રાત આપણે ઘણી સારી રીતે પસાર કરી. **કેટલો** આનંદદાયક સત્સંગ થયો !"

એ સાંભળી મહાત્મા ફજલ બોલ્યા:

"ના, ભાઈ! ના. આપણી આખી રાત નકામી જ ગઈ!!"

સુફિયાન જરા નવાઈ પામી પૂછવા લાગ્યા: "અરે! એવું તે કંઈ બને? આપ આ શું કહો છો?"

મહાત્મા ફજલ ધીરે અવાજે બોલ્યા:

"આખી રાત તમે વાણી-વિલાસથી મને સંતુષ્ટ કરવામાં **અને** મેં પણ તમારા સવાલોના સારામાં સારા જવાબ આપવામાં **પસાર** કરી. આમ કરવામાં આપણે ખુદાને તો ભૂલી જ ગયા હતા!!!

જ્યારે એક બીજાને પ્રસન્ન કરનારા સત્સંગ કરતાં પણ **વધારે** કલ્યાણકારી તો ખુદાની બંદગી કરવી એ જ છે."



# નગ્ન સત્ય

●

એક દિવસ ચીનના મહાત્મા કન્ફયુશિયસ અને તેનો રાજા તેની સ્વરૂપવાન રાણી સાથે અલગ અલગ ગાડીમાં શહેરમાં ફરવા નીકળ્યા.

રાજાની સવારી પસાર થતી હતી આથી ઘણા લોકો શેરીએ શેરીએ ટોળે વળતાં હતાં.

કોન્ફયુશિયસે મેદનીના હાવ ભાવ જોઇને ગંભીરતાથી ગાડીવાનને કહ્યું:—

"લોકો સુંદર સ્ત્રીઓને જોવાને જેટલા તત્પર હોય છે તેટલા ચારિત્ર્યશીલ વિદ્વાનને જોવા આતુર હોય એવું મેં નથી "

★

# સંસાર અને સંડાસ

●

શ્રીમદ્ રાજચંદ્રને કોઇકે પૂછ્યું: "સંસારમાં રહીને પણ આપ એક સાચા સન્યાસીની જેમ શી રીતે નિર્મોહી રહી શકો છો ?"

"એમાં તે શું છે? એ તો સહજ છે. સંડાસમાં જરૂર જતાં આપણે તેના પર પ્રેમ રાખી બેસી નથી રહેતાં. તેવું કોઇ ઇચ્છતું પણ નથી. એ પ્રમાણે બધી પ્રવૃત્તિ કરીએ તો પછી કશો મોહ રહેતો નથી."

★

| | |
|---|---|
| ક્ષમાપના વિના<br>કોઈની મુક્તિ થઈ નથી<br>થતી નથી અને<br>થવાની પણ નથી<br>⊙<br>મુક્તિની જનેતાનો પરિચય<br>આપતો સ્વ. શ્રીમદ્ | ક્ષ<br>મા<br>પ<br>ના |
| બુદ્ધિસાગરસૂરિજીનો યાદગાર | પ<br>ત્ર |

મુ૦ **મહેસાણા,**
સં ૧૯૫૮ ભાદરવા સુદ ૬

શ્રી સાણંદ તત્ર સંઘ સમસ્ત સુશ્રાવક મહેતા ચતુરભાઈ કરસન તથા શાંતિભાઈ જેસીંગભાઈ, શેઠ ત્રિભોવનદાસ ઉમેદચંદ તથા શા. દલસુખભાઈ ગોવિંદજી, ભાઈ ચુનીલાલ તથા શા. આત્મારામ ખેમચંદ, શેઠ રાયચંદભાઈ રવચંદ, શેઠ કાલીદાસ દેવકરણ, શેઠ મનસુખ હઠીસીંગ. સંઘવી કેશવલાલ નાગજી, શા. મણીલાલ વાડીલાલ, શા. પ્રેમાનંદ ચુનીલાલ, શા. મોહનલાલ ખેમચંદ, શા. ત્રિકમલાલ લલ્લુભાઈ, શા. વાડીલાલ રાઘવજી તથા શ્રી રાઘવજી હકમચંદ યોગ્ય.

ધર્મલાભ, તમારો સાંવત્સરિક ક્ષમાપના પત્ર મળ્યો વાંચી સમાચાર જાણ્યા.

ક્ષમાપના બે ભેદે છે. દ્રવ્યથી અને ભાવથી. ક્ષમાપના શબ્દનો અર્થ જાણે પણ જેની સાથે ક્ષમાપના કરવાની છે તેની સાથે ભાવથી ક્ષમાપના ન થાય ત્યાંસુધી દ્રવ્ય ક્ષમાપના છે.

ખમવું-ખમાવવું; ઉપશમવું અને ઉપશમાવવું એ ચારિત્રનો સાર છે.

આત્મજ્ઞાનના ઉપયોગે જે જે જીવોની સાથે વૈર વિરોધ થયા હોય તેઓને ખમાવવું અપરાધોની માફી માગવી અને બીજીવાર અપરાધ ન થાય એવો ભાવ રાખવો તે ભાવ ક્ષમાપના છે.

સમ્યગ્દૃષ્ટિ આત્મા ભાવ ક્ષમાપના કરી શકે છે. અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જીવ ભાવ ક્ષમાપનાને પ્રાપ્ત કરી શકતો નથી.

છદ્મસ્થ દશામાં અનેક જીવોના અપરાધો તેમજ દોષો અને ભૂલો થાય છે. તેથી સર્વજીવોની સાથે મિથ્યા દુષ્કૃત દેવાની જરૂર છે.

બીજા જીવોને કોઇપણ રીતે પીડા કરવાનો પોતાનો હક્ક નથી. આથી કોઇપણ જીવને નુકશાન ન પહોંચે તેવી રીતે જેમ બને તેમ વર્તવું જોઇએ.

અનુપયોગ દશામાં થએલા દોષો તેમજ અપરાધોનો અંતઃકરણમાં પશ્ચાતાપ કરવાથી હૃદયની–આત્માની શુદ્ધિ થાય છે, આમ હૃદયમાં અત્યંત પશ્ચાતાપ થવાથી ક્ષમાપનાની યોગ્યતા પ્રગટે છે.


## મુંઝાવાની જરૂર નથી

**તમારી દરેક મનોકામના અમે પૂર્ણ કરી આપીએ છીએ**

આ બધું અમે

જ્યોતિષ, પ્રશ્ન, હસ્તરેખા, મુહૂર્ત આડી–અંતરી વગેરે

અધ્યાત્મિક શક્તિથી કરીએ છીએ.

—: મળો યા લખો :—

## 'નવશક્તિ' મનમોહન શર્મા

C/o મેઘરાજ જૈન પુસ્તક ભંડાર,

ગોડીજી ચાલ, ગુલાલવાડી, મુંબઇ નં. ૨

ટે. નં. C/o ૩૩૩૨૧૩ સમય : બપોરના બે થી સાત

ઘરનું સરનામું:—ઘરે સવારના ૮ થી ૧૨

**'નવશક્તિ' મનમોહન શર્મા**

૧૪, એડનવાળા મેન્શન,

પરસોતમ ખેરાજ રોડ, પાંચ રસ્તા, મુલુંડ મુંબઇ ૮૦

અનંતાનુબંધી કષાયોના ઉપશમાદિ ભાવથી ભાવ ક્ષમાપના પ્રગટે છે. સર્વ દેહધારીઓને સામાન્યતઃ આત્મસાક્ષીએ ખમાવવાથી અનંતભવનાં કૃત-કર્મોની નિર્જરા થાય છે.

"ખામેમિ સવ્વજીવે, સવ્વેજીવા ખમંતુ મે; મિત્તીમે સવ્વ ભૂએષુ વેરં મજઝં ન કેણઇ..."—હું સર્વ જીવોને ખમાવું છું અને સર્વ જીવો મને ખમાવો. સર્વ જીવોની સાથે મારે મૈત્રી છે, કોઇની પણ સાથે મારે વૈર નથી.

મૈત્રીભાવથી વૈરની શાંતિ થાય છે. વૈરના વૈરરૂપ પ્રતિબદલાથી તો વૈરની વૃદ્ધિ જ થાય છે. શુદ્ધ પ્રેમથી વૈર શમે છે. ક્ષમાથી વૈર શમે છે.

પાક્ષિક ક્ષમાપનાથી સંજ્વલન ક્રોધ-માન-માયા અને લોભનો ઉપશમ તથા ક્ષયોપશમ થાય છે. દૈનિક ક્ષમાપનાથી કષાયોની ઘણી મંદતા થાય છે અને આત્માની અતિ વિશુદ્ધિ થાય છે. ચાતુર્માસિક ક્ષમાપનાથી પ્રત્યાખ્યાની કષાયનો અત્યંત ઉપશમ થાય છે. અને સાંવત્સરિક ક્ષમાપનાથી અપ્રત્યાખ્યાની કષાયનું ઘણું જોર ટળે છે તેમજ અનંતાનુબંધી કષાયનો ઉદય થતો નથી. માટે સર્વાત્માઓને પોતાના આત્માની જેમ જાણવા અને ક્ષમાપના કરી અહર્નિશ વર્તવું.

સાધર્મિકોની સાથે ક્રોધાદિક કષાઓ ન થવા જોઇએ અને અનેક ક્ષુદ્ર કારણોથી થયા હોય તો તુર્ત તેઓની માફી માંગી લેવી.

જે માફી માંગી ખમાવે છે તે આરાધક છે અને જે સ્હામો ખરા અને શુદ્ધ અંતઃકરણથી ખમાવતો નથી તે વિરાધક છે.

પોતાના પાડેલા નામની અને દેહાદિરૂપની અહંવૃત્તિ ટળે તો જ ક્ષમા-પનાની શુદ્ધિ પ્રગટે છે.

આત્માર્થી જીવને ખમતાં ખમાવતાં ચંદનબાળાની જેમ કેવળજ્ઞાન પ્રગટે છે.

ક્ષમાપનાથી આત્માની અત્યંત વિશુદ્ધિ થાય છે અને તેથી અશુદ્ધ આચારો અને પાપમય વિચારો ટળી જાય છે અને તેથી ભવોભવની વૈર કર્મની પરંપરા રહેતી નથી.

કુળાચારે વા રૂઢ ધર્માચારે ગાડરીયા પ્રવાહે-મિચ્છામિ દુક્કડં-એમ માત્ર કહેવાથી અને પશ્ચાતાપ નહિ થવાથી આત્માની શુદ્ધિ થતી નથી.

માટે જ—

જેઓની સાથે ક્લેશ થયા હોય તેઓને પ્રત્યક્ષ હોય તો રૂબરૂમાં ખમાવો દૂર હોય તો પત્રથી વા સંદેશાથી ખમાવો !

અહંકારનો ત્યાગ કરી લઘુતા નમ્રતા—ધારણ કરી ખમાવો !

એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય સર્વ જીવોને આત્મોપયોગે ખમાવો !!

કોઇની નિંદા હેલના કરી હોય તો તેની માફી માંગો !!

દુષ્ટ શત્રુઓનું અશુભ ચિંતવ્યું હોય, વાણીથી અશુભ બોલાયું હોય તેમ જ કાયાથી જે કંઇ અશુભ કર્યું હોય તો તેની માફી માંગો !!

અને આ માફી આત્માની સાક્ષીએ માંગો !!!

અશુદ્ધ બુદ્ધિનો ત્યાગ કરો. તરવું અને મરવું તે શુદ્ધ અને અશુદ્ધ બુદ્ધિ પર આધાર રાખે છે. રાગદ્વેષવાળી બુદ્ધિ તે અશુદ્ધ બુદ્ધિ છે. શુદ્ધ બુદ્ધિમાં વૈર વિરોધ પ્રગટતાં નથી.

તમોગુણી અને રજોગુણી બુદ્ધિથી કરેલી ક્ષમાપનાથી આત્માની શુદ્ધિ થતી નથી. જ્યારે સાત્ત્વિક બુદ્ધિથી પ્રગટેલી ક્ષમાપના અનેક પાપકર્મોનો નાશ કરે છે અને ભવિષ્યકાળમાં તેથી કર્મો બંધાતા નથી.

જ્યારથી કોઇના ઉપર વૈર થયું હોય ત્યારથી એક વર્ષમાં તેની સાથે ક્ષમાપના કરવી જોઇએ. અને જો એક વર્ષમાં ક્ષમાપના કરવામાં ન આવે તો સમ્યક્ત્વ ટળી જાય છે અને મિથ્યાત્વનો ઉદય થાય છે. માટે સમ્યગ્દૃષ્ટિઓએ સાંવત્સરિક પ્રતિક્રમણ કરી સર્વ જીવોને ખમાવવા જોઇએ.

સર્વ જીવોને આત્મ સરખા જાણીને તેઓની હિંસા તે સ્વાત્મ હિંસા અને તેઓનું દુઃખ તે પોતાનું દુઃખ એમ માનીને સર્વની સાથે આત્મભાવે વર્તવું તે જ મોક્ષનો મુખ્ય માર્ગ છે.

ભાવક્ષમાપના તે જૈન ધર્મ છે. સર્વ વિશ્વના લોકો ભાવ ક્ષમાપનાથી જીવેને વર્તે તો દુનિયામાં કોઈ દુષ્ટ યુદ્ધો કે મહાપાપો રહે નહિ.

ક્ષમાપનામાં અહિંસા છે. જેનામાં તે પ્રગટે તે જ ક્ષમાપના કરી શકે છે. અનેક પ્રકારના દુષ્ટ કામાદિ સ્વાર્થોને ટાળવાથી અહિંસા પ્રગટે છે. અને મોહને

ઉત્પન્ન થવાના જેટલા હેતુઓ છે તે સર્વે જ્યારે વૈરાગ્યરૂપે પરિણમે છે ત્યારે પૂર્ણ ક્ષમા પ્રગટે છે.

ઉપશમભાવે અને ક્ષયોપશમભાવે ક્ષમાપના જાણીને સ્વાધિકારે ક્ષમાપના કરવી.

હું સર્વ જીવોની સાથે મૈત્રી ભાવના ઉપયોગથી વર્તુ છું. પ્રાયઃ કોઈના ઉપર દ્વેષ કે વૈરની વૃત્તિ થતી નથી. અને મને સર્વ જીવો મારા આત્મા સમાન જણાય છે.

આત્માના અસંખ્ય પ્રદેશ તે જ હું છું. સર્વ જીવોના અસંખ્યાત પ્રદેશો છે. તેઓની જ્યોતિના ઉપયોગમાં રહું છું. શુભાશુભ કર્મના ઉદયે અન્ય જીવો તો નિમિત્ત–હેતુભૂત છે એમ જાણીને તેઓ પર હું રાગદ્વેષ કરતો નથી.

મારા આત્મા વિના મારું બૂરુ કે ભલું કરવા બીજાં કોઈ સમર્થ નથી. મારા મનમાં અશુદ્ધ પરિણતિ ન પ્રગટવા દઉં તો તેથી મારું સારું કરનાર હું પોતે સિદ્ધ ઠરું છું. નિંદામાં અને સ્તુતિમાં અન્ય જીવો તો નિમિત્ત માત્ર છે. એવા ઉપયોગથી રહું છું.

હું અરૂપી છું તેથી મને નિંદા સ્તુતિની અસર થતી નથી અને સર્વ દશ્યમાં પ્રાયઃ સમભાવ રહે છે તેથી ક્ષણે ક્ષણે ભાવ ક્ષમાપનાની દશા રહે છે.

સર્વ જીવોની સાથે સમભાવથી વર્તાય છે. કદાપિ મોહનો ભાવ. પ્રગટવાની તૈયારી થાય છે તો તુર્ત તેનો ઉપશમભાવ થાય છે. નિંદા કરનાર ઉપર વૈર કે દ્વેષની લાગણી પ્રગટતી નથી. જેને જે રૂચે તે બોલે તેથી ક્રોધ કરતાં આત્માની અશુદ્ધિ પ્રગટે છે.

માનવ માનવ વચ્ચે વિચાર અને આચારમાં મતભેદ હોય છે તેથી વૈર કે કલેશ કરતાં કંઈ તેઓનું ભલું કરી શકાય નહિ એમ સમજીને પ્રવર્તુ છું. અને તમે પણ પ્રવર્તશો.

વૈર કે વિરોધ કરવાની જરૂર જણાતી નથી. મૈત્રી, પ્રમોદ,

માધ્યસ્થ અને કારુણ્ય એ ચાર ભાવનાઓને વારંવાર ભાવવાથી ક્ષમાપનાની દશામાં શુદ્ધિ થાય છે.

આત્મા અને કર્મનું સ્વરૂપ વિચારતાં સર્વ જીવો કર્મના વશે શુભાશુભ પ્રવૃત્તિ કરે છે. તેમાં દોષ મૂળ જીવોનો નથી. પરંતુ તેઓના કર્મની પરિણતિનો દોષ છે. આથી જીવો પર ક્રોધ કે વૈર કરવાથી શું ફાયદો ?

જીવો પર વૈર ઝેર કરવાનું કોઈ કારણ નથી. કર્મ તો દારુની જેમ છે. તે જીવોની અવળી બુદ્ધિ કરે છે. તેમાં જીવોનો કંઇ વાંક નથી. ખરેખર તો તેમાં વાંક કર્મનો જ છે. માટે સર્વ જીવો પર મૈત્રીભાવ ધારણ કરીને સર્વ જીવોને ખમાવવા.

પ્રભુ મહાવીર દેવે જેવી ચંડકૌશિક પર તેમજ સંગમદેવ ઉપર ક્ષમા ધારણ કરી હતી તેવી ક્ષમા ધારણ કરીને અપરાધીઓનું શુભ ચિંતવવું. અને તેઓ પર સમભાવ ધારણ કરવો. તેઓ તો અજ્ઞાન, મોહરૂપ શત્રુઓથી સંસારમાં બંધાયેલા છે માટે તેઓ ઉપર તો ઉલ્ટી દયા ચિંતવવી.

પોતાના નિમિત્તે બીજાઓને કષાય થતાં તેઓ પર શુદ્ધ ને શુભ ભાવ ધારણ કરવો અને શક્તિ હોય તો તેઓને અજ્ઞાન તેમજ મોહમાંથી ઉદ્ધાર કરવો.

બીજા મનુષ્યો વગેરેના અપરાધો કર્યા હોય અને તેઓ જીવતા હોય તો છતી શક્તિએ તેઓ પાસે જઇને તેઓની અપરાધ માટે નમ્રતાથી માફી માંગવી આમ કરતાં કદાચ સામો મનુષ્ય ગુસ્સે થાય અને તેથી તમારે પણ ગુસ્સે થવાનો પ્રસંગ ઊભો થાય તોપણ તેમ ગુસ્સે નહિ થતાં ઘણી જ નમ્રતાથી તેઓની ક્ષમા માંગવી.

ધર્મનું મૂળ ક્ષમા છે. ખમાવવા જતા બીજાઓના આત્માઓ ઉપશાંત થાય તેવી મન-વાણી અને કાયાની પ્રવૃત્તિ કરવી. તેઓ પોતાને ન ખમાવે અને વૈર રાખે તો તેઓનું તે જાણે પણ આપણે તો સાચા ભાવથી ખમાવી પાછું વૈર ન રાખવું. અને પુનઃ અપરાધો ન કરવા-આમ વર્તવાથી અવશ્ય મુક્તિની પ્રાપ્તિ થાય છે.

વૈરનો બદલો વૈરથી લેવો એવી પરમેશ્વરની આજ્ઞા નથી. વૈરનો બદલો તો શુદ્ધ પ્રેમથી વાળો અને ઉપકારથી વાળો એવી શ્રી મહાવીર પરમેશ્વરની આજ્ઞા છે.

**આપણે ક્ષમાપના કરીએ પણ બીજા તેમ ન કરે તો શ્રદ્ધા ન ગુમાવો ! ! આત્માની શુદ્ધિ તો ક્ષમાપના કરવાથી જ છે એમ શ્રદ્ધા રાખીને ક્ષમાપના કરો ! ! !**

મન-વાણી અને કાયાની પ્રવૃત્તિથી વૈર-વિરોધ અને કલેશ ન વધે એવો ક્ષણે ક્ષણે ઉપયોગ રાખવો. બને ત્યાંસુધી બીજાના અપરાધો જે જે કર્યા હોય તે તે તત્કાલે ખમાવવા.

અહમ્ અને મમતા જેમ જેમ ટળે છે તેમ તેમ વૈર વિરોધ શમે છે. દેહ-નામ અને કીર્તિ આદિ વાસનાઓથી રહિત એવા આત્માના ઉપયોગે વર્તવું. લોકવાસનાથી મુકત થતાં આત્માની શક્તિઓ ખીલે છે અને અનેક અશુભ પ્રવૃત્તિયો આપોઆપ બંધ પડે છે. જેમ જેમ દુનિયાની ઉપાધિથી મુક્ત થાય છે તેમ તેમ આત્મા સ્વયં વૈર વિરોધ કલેશ તેમજ ક્રોધાદિક કષાયોથી ઘણો મુક્ત થાય છે. અને તેથી આત્મસુખ તેમજ આત્માનું સ્વાભાવિક જ્ઞાન પ્રગટ થાય છે.

પોતાની ભૂલો અને પોતાના દોષોનો ત્યાગ કર્યા વિના કોઇપણ આત્માની મુક્તિ થતી નથી. જ્યાં સુધી દોષોને ટાળવાની ઇચ્છા નથી ત્યાંસુધી આત્માને પરમેશ્વર પણ તારવા સમર્થ થતા નથી.

મોહને ટાળવાનો પરમેશ્વર ઉપદેશ આપી શકે પરંતુ મોહને તો તે પોતાના આત્માના પુરુષાર્થ ઉપર જ આધાર રાખે છે.

ક્ષમાપના કરવી તે પણ પુરુષાર્થ છે. ભવક્ષમાપનાથી આત્મશુદ્ધિ થાય છે એમ સર્વ તીર્થંકર પરમાત્માઓએ ફરમાવ્યું છે.

**ક્ષમાપના વિના કોઇની મુક્તિ થઈ નથી, થતી નથી અને થવાની નથી.**

કોઇ જીવને દુઃખ-પીડા કે સંતાપ આપવો નહિ. અપાવવો નહિ અને અપાવનારની અનુમોદના કરવી નહિ.

ક્ષમાપના મોક્ષની નિઃસરણિ છે. ક્ષમાપનામાં અમૃત છે. ક્ષમાપનામાં સ્વર્ગ અને મોક્ષ છે. ક્ષમાપનામાં આત્મ સ્વરાજ્ય છે.

અંતરાત્મ દશા પ્રગટવાથી ક્ષમાપના થાય છે. આરાધકને ક્ષમાપના કરવાની ઇચ્છા થાય છે. ભાવથી ક્ષમાપના કરનાર ઉત્કૃષ્ટભાવે તદ્ભાવે મુક્તિ પામે છે વા ત્રીજા ભવમાં મુકિત પામે છે છેવટે સાત આઠ ભવમાં તો અવશ્ય મુક્તિપદ પામે છે.

ક્ષમાપનામાં દૈવીબળ છે તેથી આત્માની શુદ્ધિ વીજળી વેગે થાય છે. પોતાના હૃદયમાં વૈર દ્વેષભાવ ન રહેવો જોઇએ. પશ્ચાત્ પોતાના નિમિત્તે

અવળી પરિણતિવાળા જીવો કર્મ બાંધે તેથી પોતાના આત્માની અશુદ્ધિ થતી નથી.

આત્માના ઉપયોગે વર્તતાં સહેજે ક્ષણે ક્ષણે ક્ષમાપના થાય છે. બીજાઓ માટે પોતાનો આત્મા ક્ષમાપના ભાવે નમી જવો જોઇએ.

પોતાના દોષો માટે જે પસ્તાય છે તે ભવ્ય જીવને ક્ષમાપનાની દશા પ્રગટે છે.

આત્મોપયોગે અમારે ક્ષમાપના થાય છે. પરમેશ્વરની જેવી વિશ્વ પર દૃષ્ટિ છે તેવી દૃષ્ટિના આરાધક બનવા અમે પ્રયત્ન કરીએ છીએ.

અમુક મારો નિંદક કે શત્રુ છે એવો ખ્યાલ હૃદયમાં આવતો નથી. સર્વ જીવો કર્મોથી ઘેરાયેલાં છે તેમાં તેઓના કર્મોનો વાંક છે. આથી કર્મો પર અને અન્ય જીવો પર કષાય કરવાની જરૂર અંશમાત્ર પણ જણાતી નથી. તેમ જ કોઈ પણ જીવનું અશુભ ચિંતવાતું નથી. આ સર્વ પ્રતાપ ખરેખર પ્રભુ મહાવીર દેવનો છે. તેમણે મારા આત્માને જાગૃત કર્યો છે.

તમે પ્રભુનું સ્મરણ ક્ષણે ક્ષણે કરો અને સર્વ જીવોની માફી માંગી કર્તવ્ય કર્મો કરો અને શુદ્ધ થાઓ.

એજ
લિ. બુદ્ધિસાગર

卐

Grams : **SUKESHI** Pho 334238

Please Contact For.

ALLOY TOOL STEEL.

AND

- High SPeed Steel
- O. H. N. S. Steel
- Stainless Steel
- High Carbon High Chrome
- Carbon Steel
- Nickle Chrome Steel
- Hot Die Steel

**UNITED STEEL AGENCY**

(India) 92, Nagdevi Street, **BOMBAY-3.**

શ્રી ચિત્રભાનુ

# અપરાધી

ક્ષમા કોને ?
મિત્રને કે શત્રુને ?
અપરાધીને કે નિરપરાધિને ?
આ સવાલોનો
જવાબ
શોધતી અને આપતી
નવતર શૈલીની
ચિંતનમય વાર્તા.

# કોણ? તું કે એ?

આથમતી સાંજ હતી.
સૌ ક્ષમાપના કરતા હતા.
ભાઈ, ભાઈ સાથે,
શેઠ, નોકર સાથે,
પતિ, પત્ની સાથે.
ન્હોતા કરતાં
માત્ર એક જ
પાકા શત્રુઓ !
મને થઈ ગયું,
આ શું ?
નાટક કે રૂઢિ ?
ક્ષમાપના
કરવી છે.
યોગ્ય છે, એમ
માનવું પણ છે.
પરંતુ...
યોગ્ય રીતે
શાસ્ત્રોકત પદ્ધતિએ...
સાચા શત્રુઓ સાથે
કરવી નથી.
આમાં કાયરતા દેખાઇ !
અવિશ્વાસ દેખાયો !
ધર્મનો ઉપહાસ દેખાયો.

★

મન દોડતું હતું
ક્ષમા આપવા.
પણ......
શત્રુને નહીં
મિત્રને !
અપરાધીને નહીં
બીનઅપરાધીને
મનમાં વિચાર સ્ફુર્યો...
શું બધે આવું જ હશે ?
વર્ષોના વર્ષો ગયાં...
જન્મો જન્મ કર્યાં...
તોય ભવફેરા

**ટળતો નથી.**
**એનું આજ** કારણ ?

★

**વિજળી પડી ન હોય,**
**આંચકો લાગ્યો ન હોય,**
**ધરતી ધ્રુજતી ન હોય,**
**તેમ......**
વિચારના વમળમાં
કમળની જેમ
નિર્મળ પ્રવાહ સ્ફુર્યો.
**એ પ્રવાહમાં**
**મેં જોઇ**
**ચંડપ્રદ્યોત ને**
**ઉદાયનની ક્ષમાપના!**
**ચંદનબાળા ને**
**મૃગાવતીનો પશ્ચાત્તાપ**
**એકના ત્યાગથી**
**બીજાનો** આત્મા જાગ્યો.
**એકના ઠપકાથી**
**બીજો** કેવળી બન્યો
**એનું** કારણ...
**સાચી** ક્ષમાપના !
અંતરની સાચી લાગણી
પાપ દુષ્કૃત ભગાડવાની
આત્મજાગૃતિ કરવાની.

★

વાત એવી બની હતી.
ઇતિહાસે સાક્ષી પૂરી હતી
**રાજા ચંડપ્રદ્યોત**
**લડાઇમાં હાર્યો** હતો.
**એટલે......**

રાજા ઉદાયનનો
આજે એ કેદી હતો.
પર્યૂષણાના દિવસ હતા
જંગલમાં પડાવ હતો.
આરાધના કરવી હતી.
પણ......
પ્રવાસમાં શું થાય ?
તો પણ...
ઉપવાસ કરવો...
પ્રતિક્રમણ—સામાયિકાદિ
આવશ્યક ક્રિયાઓ કરવી
ને......
**જીવમાત્ર સાથે**
**ખમાવવું !**
**સંવત્સરી પર્વ**
**ઉજવવું !**
ઉદાયન રાજાએ
રસોઇયાને આજ્ઞા કરી
'મને ઉપવાસ છે.'
આજે સંવત્સરી છે
જાઓ......
રાજા ચંડપ્રદ્યોતને
જે જોઇએ તે કરી આપજો
રસોઇયો જાય છે.
ચંડપ્રદ્યોત રાજાને પૂછે છે.
રાજા શંકાથી ધ્રુજે છે.
શું ઝેર આપશે ?
શું મનમાં મેલ હશે ?
જવાબ આપ્યો...
મને પણ 'ઉપવાસ' છે.
રસોઇયાએ
આ વાત સ્વામીને કહી...

મહારાજ ! એઓને પણ
આજે ઉપવાસ છે.
ઉપવાસ !

★

શું એ જૈન છે ?
શું એ આરાધક છે ?
તો તો મારો સહધર્મી !
મારો એ ભાઇ કહેવાય !
શત્રુને ન ખમાવું
શત્રુને બંધનમુક્ત ન કરું !
એકને પણ ખમાવ્યા વિના
પ્રતિક્રમણ કેમ કરીશ ?
કોઇ બાકી કેમ રહે ?
મારા ધર્મની...
મારી...હાંસી થશે.
રાજાએ અંગરક્ષકોને
બોલાવ્યા
હુકમ આપ્યો...
જાઓ...
ચંડપ્રદ્યોતને બંધનમુક્ત
કરો.
એ મારો સહધર્મી છે.
મારો ભાઇ છે.
આજે હું એને
ધર્મના નામથી ક્ષમા
આપીશ.
ભલે એ શત્રુ છે.
પણ ધર્મનો સિદ્ધાંત
**શત્રુને મિત્ર બનાવશે.**

★

" હે ભાગ્યવાન !
ઉત્તમ કુળવાનોને
આવું ન શોભે "
સાધ્વી ચંદનાએ
મૃગાવતી સાધ્વીને
મધુર ને પ્રેમભર્યો
ટૂંકો પણ ઉપકાર ભર્યો
ને...હિતશિક્ષા ભર્યો
ઠપકો આપ્યો.
સાધ્વી ચંદનાજી
ચંદન જેવા ગુણવાન હતાં
ત્યાગવાન ને ભાગ્યવાન હતાં
જ્યારે...
સાધ્વી મૃગાવતીજી
ગુરુણી જેવીજ શિષ્યા હતી
ખાનદાન ને કુળવાન
ઠપકાને સુવાસિત
ફુલ જેવા શબ્દ સમજ્યાં.
ભૂલને શૂલ સમજ્યાં
ને......
આત્માને જગાડયો
ખૂબ ઢંઢોળ્યો.
સાગરમાંથી રત્ન જડે
છાશ વલોવવાથી
માંખણ તરી આવે.
તેમ...
ભૂલને સુધારતાં...
આતમ જાગ્યો.
અટવાત આતમને...
અજવાળાં લાવવા
જ્ઞાનદીપ પથમાં મળ્યો.

અરે...!
સર્વત્ર...
કેવળજ્ઞાનનો
પ્રકાશ પૂંજ પથરાયો.

★

હજી હમણાં જ......
પશ્ચાત્તાપનું ઝરણું વહ્યું'તું
ત્યાં જ......
કેવળજ્ઞાનનો
જ્ઞાનસાગર છલકાયો
એ જ્ઞાનના પ્રતાપે...
એ આતમજ્યોતના કારણે
અચાનક, અકસ્માત
અંધકારમાં સર્પ જોયો.
સાધ્વી ચંદના પાસે જઈ
સર્પને જવા માટે
ગુરુજીનો હાથ ઉઠાવ્યો,
અસ્ખલિત માર્ગ કર્યો.
પણ......
તેથી સાધ્વીજી જાગ્યાં.
કારણ પૂછ્યું.
તો...
પશ્ચાત્તાપના ઝરણાએ
'કેવલજ્ઞાન' બક્ષ્યું
એમ સમજાયું.
હવે તો...
ગુરુ શિષ્ય ન રહ્યાં !
કેવળીની આશાતના થઈ
એવો
ગૂઢ અર્થ ઉકેલાયો.

ગૂંચવાયેલા પ્રશ્નોત્તરે
ગૂંચ દૂર કરી
મુક્તિ નજીક ધરી
આમ...
શિષ્યાને ઠપકો
કેવળજ્ઞાન આપનાર બન્યો
જ્યારે...
સર્પે...ઠપકાએ...
ગુરુને કેવળજ્ઞાન આપ્યું.

★

વિચારની ગતિ થંભી.
હું પુનઃ
અટવાઈ ગયો.
જ્યાં મને પ્રશ્ન થયો હતો...
ક્ષમા કોને ?
મિત્ર કે શત્રુને ?
અપરાધીને કે
નિરપરાધીને ?

★

...
મારા ખભા પર હાથ પડયો.
હું એનું મુખ જોઉં
ત્યાં જ
દોડી....
અંતરને પીગળાવી....
વૈરને વિસરાવી
મનને મનાવી
મારો શત્રુ

એક દિનનો વિરોધી
મિત્ર થઈ આવ્યો હતો
ક્ષમા માગવા,
મારું હૃદય
મને કહી રહ્યું હતું...
અપરાધી કોણ ?
તું કે એ ?
શત્રુ કોણ ?
કર્મ કે વ્યક્તિ ?
મુક્ત મને ખમી લે
ક્ષમાપના માંગી લે.
ઉદાર બની
ક્ષમા આપ.
ક્ષમાના સરોવરમાં
આતમને પાવન કરી લે.
ક્ષમા
તારે માટે ઔષધ છે.
ઉન્નતિનું સાધન છે.
મિત્રતાનું પ્રતિબિંબ છે.
કર્મ નિવારણનું દ્વાર છે.
એનું સ્વાગત કર.
બીજું બધું જ ભૂલી જા અને
અંતે અપૂર્વ આનંદે
મેં, મારા જીવે
ક્ષમાના ઝરણામાંથી
બે અમૃત ઘુંટડા
પીધા.
ને સૌને ક્ષમા આપી.

['ગુલાબ' ના સૌજન્યથી

★


## બોડેલી તીર્થ

બોડેલી આસપાસ પરમાર ક્ષત્રિય ભાઈ-બહેનો બાવન (૫૨) ગામમાં આશરે ૧૦૦૦૦ (દસ હજાર માણસો જૈનધર્મ (અહિંસા ધર્મ) પાળતા થયા છે તેમને જૈન ધર્મનું શિક્ષણ સુસંસ્કાર આચાર વિચાર વગેરેમાં સ્થિર કરવા પંદર ગામોમાં પાઠશાળા ચાલે છે બીજી ૨૦ પાઠશાળાની જરૂર છે. બોડેલીમાં આશ્રમ ચાલે છે જેમાં વિદ્યાર્થીઓને ખાવા, પીવા, તથા ભણવાની સગવડતા અપાય છે.

આજુબાજુના પાંચ ગામોમાં ઉપાશ્રય તથા દેરાસરજી થયા છે (બીજા ત્રણ ગામોમાં થાય છે તથા દેવદર્શન પૂજાસ્નાત્ર ભાવના વગેરે ભક્તિ થાય છે. આ સુસંસ્કાર આપતું ક્ષેત્ર જોવા તથા બોડેલી પંચ તીર્થના દર્શન કરવા જરૂર પધારો.

આ ધર્મ પ્રચાર અને ધર્મ પ્રભાવનાના કાર્યને આપના તન મન, ધન સમર્પણ કરો અને એ ન બને તો છેવટે અમુક રકમ અવશ્ય મોકલી આપો.

લી. પરમાર ક્ષત્રીય જૈન ધર્મ પ્રચારક સભા

૪૫૭, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ—૪

મદદ મોકલવાનું ઠેકાણું:
શેઠ વાડીલાલ રાઘવજી
૬૧ તાંબાકાંટા, મુંબઈ-૩

છોટાલાલ લક્ષ્મીચંદ શાહ
ઈશ્વરલાલ કસ્તુરચંદ સાળવી
ચીમનલાલ મગનલાલ વાસણવાળા

ધર્મશાળા, ભોજનશાળા, આયંબીલ શાળાની સગવડતા છે.

—શ્રી વિજયગુપ્ત મૌર્ય

મદારી ડુગડુગીયું
વગાડે છે અને રીંછ નાચવા
માંડે છે તમાસો જોનારાઓ
સૌ તાલીઓ પાડે છે.
પણ એ નાચતા
રીંછની
તાલીમ પાછળ એક લોહીયાળ કથા
છુપાયેલી છે. જે જાણીને
તમે જ કહેશો

# માફ કરજો, મારાથી એ નહિ જોવાય

લેખકશ્રીએ જાત તપાસ પછી જ આ લેખ લખ્યો છે.
આથી જ આ સત્ય ઘટના છે. રોમાંચક કથા છે.
અને દર્દીલી વાર્તા પણ છે.

# દાઝતા પગ થનગનતું રીંછ

**ના**નપણમાં મેં પહેલું જંગલી પ્રાણી રીંછ જોયું. હિંસક પ્રાણીઓને ગમે એવા થાઓ, ગમે એવી તાલીમ આપો, છતાં તેઓ જંગલી જ હોય છે અને કયારે પોત પ્રકાશે તે કહેવાય નહિ. તેમ છતાં રીંછે પોત પ્રકાશ્યાના બનાવ બનતા નથી. આવો એક જ બનાવ મારા જાણવામાં છે. આવું ધૂની અને ખરાબ મિજાજનું પ્રાણી મદારી પાસે નચાઇને, દોરી વડે બંધાઇને પાંજરા વિના વસતિની વચ્ચે મદારીના નચાવ્યા પ્રમાણે કેમ નાચે છે એ પ્રશ્ન નાનપણથી મારા મનમાં ઘોળાયા કરતો હતો.

રીંછમાં મને હજી ઘણો રસ છે. તેના વિશે ઘણું વાંચ્યું છે, ઘણું લખ્યું છે. મદારી રીંછના ખેલ કરતો હોય ત્યારે હજી તે જોવા ઊભા રહી જવાની ઇચ્છા થઈ આવે છે! સરકસમાં હિંસક પ્રાણીઓને કેવી રીતે તાલીમ આપવામાં આવે છે તે મેં નજરે જોયેલ છે અને તાલીમ આપનારાઓની પાસેથી તેમના અનુભવ પણ સાંભળ્યા છે. પરંતુ મદારીઓ રીંછને કેવી રીતે પકડી લાવે

છે અને કેવી રીતે તાલીમ આપે છે એનો ઉત્તર મને મળતો ન હતો.

મદારીનો રીંછ નાથેલો હોય છે. તેના મોં ઉપર પણ ચામડાનો એવો પટો હોય છે કે તે બટકું ભરવા મોં ખોલી શકે નહિ. પરંતુ તેના પંજાનું શું ? તે બે પગે ઊભો થઈને હાથ જેવા આગલા પગના પંજા વડે એક પ્રહાર કરે તો માણસ જીવતો ન રહે. મદારીનો રીંછ કેમ કદી બેકાબુ બનીને તેને થપ્પડ નથી મારતો ?

રીંછ ક્યારે શું કરી બેસશે તે માણસ તો શું, રીંછ પોતે પણ નથી જાણતો. તેમ છતાં તે મદારી પર હુમલો નથી કરતો, કે નથી કોઈ પ્રેક્ષક પર આક્રમણ કરી બેસતો.

તેનું એક કારણ એ હોઈ શકે કે રીંછ સગપણમાં કૂતરા તરફ જાય છે. કૂતરા કરતાં પણ તે વધારે સ્વામીભક્ત છે. આથી કૂતરાને પાળી શકાય તેમ રીંછને પણ પાળી શકાય.

બીજું કારણ તેની ઉપર જે ક્રૂર રીતે ધાક બેસાડી દેવામાં આવતી હોય તે છે. તેને ખાતરી થઈ જાય છે કે માણસ તેના કરતાં ઘણું બળવાન અને ઘણું ભયંકર પ્રાણી છે !

આફ્રિકામાં રીંછ નથી. પણ પૂર્વ યુરોપ અને લગભગ આખા એશિયામાં અને અમેરિકામાં પણ રીંછ છે. આપણે ત્યાં જેમ મદારીઓ રીંછને પાળી, તાલીમ આપી ખેલ કરાવે છે તેમ પૂર્વ યુરોપમાં પણ જિપ્સી મદારીઓ એ પ્રમાણે ખેલ કરતા, પણ હવે કાયદા વડે મનાઈ કરવામાં આવી છે. કારણ કે રીંછને તાલીમ આપવાની રીત અત્યંત ક્રૂર હતી.

ખાસ કરીને બાલ્કન દેશોમાં મદારી અને તેમનાં રીંછ દરેક મેળામાં જોવા મળતાં.

ઠંડા પ્રદેશોમાં રીંછ શિયાળામાં હિમવર્ષા થાય ત્યારે ગુફામાં કે બખોલમાં સુષુપ્ત દશામાં પડ્યાં રહે છે. રીંછડીને ત્યારે બચ્ચાં આવે. રીંછ ઘોંઘાટિયું પ્રાણી છે અને લાંબી શિયાળુ નિદ્રામાં પણ તેઓ પોતાના આગલા પગના પંજા અંદર (નીચેની) બાજુથી ચૂસીને ઘોંઘાટ કરે. જિપ્સીઓ ગુફા પાસે કાન દઈને સાંભળે. જો તેમાંથી આવો અવાજ આવે તો જાણે કે ગુફામાં રીંછ અથવા રીંછડી છે. તેઓ એ ગુફા પર નિશાન કરી રાખે.

જ્યારે વસંતઋતુ બેસે ત્યારે જિપ્સીઓ ગુફા પર નજર રાખે. તેઓ સામેના ઝાડ પર ચઢી બેસે જેથી રીંછને તેમની ગંધ ન આવે. લાંબી શિયાળુ નિદ્રામાંથી જાગેલી રીંછડી ગુફામાંથી બહાર નીકળીને ચારો ચરવા જાય ત્યારે મદારી તક ઝડપી લે. ઝાડ પર બે જિપ્સી બેઠા હોય. જેવી રીંછડી ચારો ચરવા જાય કે તરત એક જિપ્સી

કોથળો લઇને ગુફામાં જાય અને બચ્ચાને કોથળામાં નાંખીને ભાગે. બીજો જિપ્સી રીંછડી પાછી આવવાની ચેતવણી આપવા ઝાડ પરજ હોય, તે પણ હવે ભાગે. ઝડપથી ભાગવું જરૂરી હોય, કારણ કે રીંછનાં બચ્ચાં એટલી ચીસો પાડે કે રીંછડીના સાંભળવામાં આવે તો ધસી આવે. પછી તેનો સામનો ન થઇ શકે. રીંછની કર્ણેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય બહુજ તીવ્ર હોય છે. પણ આંખો તેજસ્વી નથી. વળી જંગલમાં અવાજ માઇલો સુધી સંભળાય.

હવે વર્ષે કેટલાં બચ્ચાં પકડી લાવવાં તે જિપ્સીઓની જમાતના મુખીઓ નક્કી કરે. આમ જે વર્ષે બચ્ચાં ચોરી લાવવામાં આવે તે વર્ષે ડઝન–બે ડઝન બચ્ચાં એક સાથે ચોરી લાવવામાં આવ્યાં હોય. એટલાં બચ્ચાં સમૂહમાં કેટલો ઘોંઘાટ કરે! કેટલી ચીસો પાડે! આ ચીસો જંગલ સુધી પહોંચે અને એટલી રીંછડીઓ બચ્ચાંની શોધમાં જિપ્સીઓની છાવણી પર હુમલો કરે તો જિપ્સીઓનું આવી બને! આથી જિપ્સીઓ બચ્ચાંને વોદ્કા (દારૂ) પાઇને ઘેનમાં રાખે! પછી તો ધીમે ધીમે તેઓ માને ભૂલી જાય.

બચ્ચાં તાલીમ યોગ્ય મોટાં થાય એટલે તેમને તાલીમ આપવાનું શરૂ થાય. જિપ્સીઓને માટે તે મોટો ઉત્સવ હોય અને બચ્ચાંઓ માટે અસહ્ય


**JAYANT**

A leading name in Packaging
One of the largest Manufacturers of
Double wall heavy Duty Corrugated
Shipping Containers for Export,
Corrugated Paper Rolls, Boards
and Other Packaging Requisites
Contact

**JAYANT PAPER BOX FACTORY**

30, Western India House,
Sir p. M. Road, Fort, **BOMBAY – 1. ( B. R. )**

—: Phones :—

| | | |
|---|---|---|
| 253145 : 252478 | 55237 – 8 | 571196 |
| Office | Kurla Factory. | Andheri Factory. |

યાતનાનો પ્રસંગ હોય. જિપ્સીઓ નાચતા હોય, ગાતા હોય, વાજિંત્રો વગાડતા હોય, દારૂ પીતા હોય અને ઉજાણી ઊજવતા હોય. હાડિયાને મન હસવું અને દેડકાનો જીવ જાય એ કહેવત અહીં સાચી પડે છે.

જિપ્સીઓ દેવતા કરી, લોઢું ટીપીને રીંછ માટે લોઢાના ગળપટા, સાંકળો, નથડી અને મોંબંધી બનાવે. પછી રીંછને દોરડા વડે બાંધીને જમીન સરખો ચસચસતો દબાવી રાખી તેને આ બધા 'દાગીના' પહેરાવી દેવામાં આવે. ગળાની આસપાસ લોઢાનો ગળપટો અને સાંકળ આવે નાકના ફણા સોંસરવી લોઢાની નથડી નાખવામાં આવે અને તેને જરા ઝીણી સાંકળ બાંધવામાં આવે.

આ સાજની સતત રીબામણીથી મુક્ત થવા રીંછ ઝનૂનમાં આવીને તરફડાટ કરે, ચીસો પાડે તેથી તેને ઘણા જખમો થાય અને વેદનામાં વધારો થાય. એક-બે દિવસના તરફડાટ પછી આખરે થાકી જાય અને પરિસ્થિતિને તાબે થઈ જાય.

બે પછી જિપ્સીઓ કાંઈ વનસ્પતિનો ઉકાળો કરીને રીંછની આંખો પર રેડી દે. તેથી રીંછની નજર ધુંધળી થઈ જાય. તેઓ એમ માને છે કે આવો ઝાંખી નજરવાળો રીંછ લઈને લોકો વચ્ચે ખેલ કરવાથી તે જોખમી નથી.

આટલા સંસ્કાર વીત્યા પછી રીંછની ઇચ્છાશક્તિ નાશ પામે છે. પછી તે માલિકના હુકમ પ્રમાણે યંત્રવત્ કામ કરે છે. પરંતુ એ પૂરતું નથી. કામ કરવા માટે તાલીમ લેવી જોઈએ, અને એ તાલીમ હજી એથીય વધુ ઘાતકી છે.

માલિક ઢોલ પર દાંડી મારે કે તરત રીંછે બે પગે ઊભા થઈ જવું જોઈએ અને પછી ઝૂલતાં ઝૂલતાં

કોમરસીયલ અને આર્ટીસ્ટીક
પ્રિન્ટર્સ
પ્રિન્ટીંગના
તમામ પ્રકારના કામ માટે
મળો યા લખો:—
શીલ્પા પ્રિન્ટરી
૧૭૦/૭૨, ગુલાલવાડી, મુંબઈ-૪.

નાચવું જોઇએ. મદારી તેના નાકમાં પરોવેલી નથડી ( કડી ) માં બાંધેલી સાંકળ ઊંચી કરતાં જ રીંછ બે પગે ઊભો થઇ જ જાય, કારણ કે નાકના કોમળ ફણા ખેંચાતાં દુઃખે અને રીંછને બે પગે ઊભા થવું ફાવે છે. પણ એમ નહિ. સાંકળ ખેંચવાથી રીંછ ઊભો થાય એમાં આકર્ષણ શું ? અહીં તો ઢોલ પર દાંડી પડે ને રીંછ એ સાંભળીને આપમેળે ઊભો થઈ જવો જોઇએ અને ઢોલના તાલ પર નાચવો જોઇએ તો પ્રેક્ષકો ખુશ થાય.

તે માટે બે થાળીઓ તપાવવામાં આવે છે. પછી રીંછ ને નથડીવાળી સાંકળનો આંચકો મારી ઊભો કરવામાં આવે છે. તે પછી તે પાછો આગલા પગ જ્યાં ધરતી પર મૂકવાનો હોય ત્યાં જ પેલી ધગધગતી થાળીઓ મૂકવામાં આવે છે. જેવો રીંછ નીચે પગ મૂકે કે તરત ગરમ થાળી પર


# અહિંસા જીવનનો પરમ ધર્મ છે.



દસાવાડા-ચારૂપ અને મેત્રાણા તીર્થ વચ્ચે આવેલું છે. પૂ૦ મહારાજશ્રીના સદુપદેશથી **જીવદયા મંડળી** સ્થાપવામાં આવી છે. તે મંડળીના કાર્યવાહકો આજુ બાજુના ગામોમાંથી જીવોને છોડાવી અહીં લાવે છે. **પાંજરાપોળ** માટે જગ્યા મળી છે પણ મકાન ખર્ચ માટે તેમજ જીવ છોડાવવામાં ખર્ચ પણ ઠીક-ઠીક થાય છે તો જીવ દયાપ્રેમી ગૃહસ્થોને વિનંતિ કરવામાં આવે છે, કે યથાશક્તિ રકમ મોકલી જીવદયાના પુણ્ય કાર્યમાં સહકાર આપશો

**આપની એક એક પાઇનો સદુપયોગ થશે.**

૨૫૧) રૂ. આપનારનું નામ બોર્ડ ઉપર કાયમી લખવામાં આવશે.

મદદ મોકલવાનું ઠેકાણું :—

શ્રી જેરાભાઇ કરણસિંહ દેસાઇ, મંત્રી,
શ્રી જીવદયા મંડળી દશાવાડા, વાયા પાટણ જિ. મહેસાણા (ઉ. ગુ.)

લી. સેવકો,

શાહ બાબુલાલ મોહનલાલ કલાણાવાળા　શાહ રકબીચંદ અમીચંદજી વાગડોદવાળા
શાહ નેમચંદ જેચંદભાઇ પાટણ
ડા. ભગવાનજી ભેમાજી દશાવાડા (સરપંચ) શેઠ કિશનચંદ ભોજરાજ
ટરટીઓ, દશાવાડા

તેના પગ દાઝે અને તેજ વખતે ઢોલ પર દાંડી પડે. દાઝી જવાથી રીંછ બે પગે ઊભો થઈ જાય. આમ વારંવાર કરવામાં આવે. દરેક વખતે રીંછ જેવો દાઝે કે તેજ ક્ષણે ઢોલ પર દાંડી પડે અને રીંછ દાઝેલા આગલા પગ થાળી પરથી ઊંચકી લેવા બે પગે ઊભો થઈ જાય. આમ વારંવાર કરવાથી તેના મનમાં એવું ઠસી જાય છે કે પેલા ઢોલનો અવાજ તેને દઝાડે છે માટે જેવો એ અવાજ થાય એટલે તેણે બે પગે ઊભા થઈ જવું !

રીંછને આમ ઊભા થઇ જતાં તો શીખવ્યું. હવે તેને નાચતાં શીખવવું જોઇએ. આથી રીંછની બંને બાજુ અકેક માણસ લાંબી લાકડી વડે તેની ડોકમાં ઘોંચપરોણા કરીને તેને ધુણાવે છે, ઠેકાવે છે. રીંછ આ યાતનાઓ સહન કરીને એવો રાંક થઇ ગયો હોય છે કે મદારીઓ તેને જેમ નચાવે તેમ તે નાચે છે.

આ શિક્ષણ દિવસો સુધી ચાલે છે. પછી ઝાઝા માણસોની જરૂર નથી પડતી. એક જ મદારી એકલે હાથે બધી ઇશારત કરે છે અને રીંછ તે પ્રમાણે વર્તે છે. આ બધા સંસ્કારની અસર રીંછના મનમાં એવી ઘર કરી જાય છે કે પછી ગરમ થાળીની કે લાકડાના ઘોંચપરોણાની જરૂર નથી રહેતી. પછી ઢોલ પર જેવી દાંડી પડે કે રીંછ તરત ઊભો થઈ જાય છે અને ઢોલના તાલ પ્રમાણે તે કઢંગું અને હાસ્યાસ્પદ નૃત્ય કરવા માંડે છે.

આ તો યુરોપના બાલ્કન રાજ્યોના મદારી અને રીંછની વાત થઈ. આપણા મદારીઓ કેવી રીતે તાલીમ આપે છે તે જાણવામાં નથી. પરંતુ એટલી ખાતરી રાખી શકાય કે એ તાલીમ પ્રેમ અને સમજણથી નહિ અપાતી હોય. આપણા મદારી પાસે આપણા રીંછને નાચતાં અને જાતજાતના ડોલન વડે મદારીના રમુજી સવાલોના જવાબ આપતાં મેં જોયા છે. એ દૃશ્ય ખરેખર રમુજી હોય છે. પરંતુ એની પાછળ કેટલી કરૂણતા હશે !

માણસ પોતાનું પેટ ભરવા માટે પ્રાણીઓ પર કેટલું ઘાતકીપણું ગુજારે છે ! મેં રિંગમાસ્તરને નર્યા ઘાતકીપણા વડે સિંહ-વાઘ પર ત્રાસ ગુજારી વાક બેસાડી દઈ તાલીમ આપતાં જોયેલા

છે, અને જગતના એક સર્વશ્રેષ્ઠ ભારતી રિંગમાસ્તર દામુ ધોત્રેએ માત્ર હિંમત, ચતુરાઇ, ચપળતા અને બુદ્ધિથી હિંસક પ્રાણીઓ પર પ્રભાવ પાડીને તેમનો પ્રેમ અને વિશ્વાસ જીતી લીધો હતો એ પણ હું જાણું છું. પરંતુ દામુના જર્મન મિત્ર પ્રોસ્કેએ દામુને બાલ્કનના મદારીઓના આ ઘાતકીપણાની જે આંખે દીઠી વાતો કહી હતી એ તો ખરેખર નિર્દયતાનો કમકમાટી ભર્યો નમૂનો છે. ત્યાંની સરકારે આ ઘાતકીપણા પર પ્રતિબંધ મૂકી દીધો તે બતાવે છે કે આ જિપ્સીઓ પોતાના પેટ માટે કેવા નિર્દય થઇ શકતા હતા.

[ 'સમર્પણ' ના સૌજન્યથી]

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી સાહિત્ય પ્રકાશન ગ્રંથમાળા તરફથી પ્રગટ થઇ ચૂક્યાં છે

**પ્રેરણા ભર્યાં પ્રાણવાન પ્રકાશનો :—**

* **ભજનપદ ભાવાર્થ સંગ્રહ**
* **શિષ્યોપનિષદ**
* **રત્નદ્વીપ યાને ગુરુબોધ**
* **જૈન પ્રોફેટ (અંગ્રેજી)**

અને હવે ટુંક સમયમાંજ પ્રગટ થાય છે.

# જૈનોપનિષદ્

લેખક : **શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી**

**કિંમત એક રૂપિયો.**

—: લખો વા મળો :—

ભગવાન શાહ
૧૭૦/૭૨ ગુલાલવાડી,
**મુંબઇ-૪**

શ્રી ચીમનલાલ જેચંદભાઇ
શેઠ મનસુખભાઇની પોળ,
કાળુપુર, **અમદાવાદ.**

સત્ય ઘટના

# સંવત્સરી પ્રતિક્રમણ તે આનું નામ

—શ્રી નિર્મળ (ખંભાત)

પૂ. શ્રી ધર્મસાગરજી મ. તે મહાપુરુષનું નામ.

એક વખત એઓ વિહાર કરતા અને ધર્મોપદેશ આપતા એક નગરમાં પધાર્યા.

નગરમાં એક સુશ્રાવક ઉપાશ્રયની બધી જ દેખરેખ રાખે. ઉપાશ્રયમાં જે કંઈ કરવાનું હોય, સાધુ મહારાજને જે કંઈ જરૂરીયાત હોય, સુચના–ભલામણ ઇ. જે કંઈ કરવું હોય તે આ ભાઈને જણાવ્યા સિવાય કંઈ જ ન થાય. આવી હતી એ નગરના જૈન સમાજની પરિસ્થિતિ.

પૂ. ધર્મસાગરજી મ. તો તે સુશ્રાવકભાઈની અપેક્ષા રાખ્યા સિવાય જ સાધુધર્મમાં તલ્લીન રહ્યા.

તે આગેવાનભાઈને લાગ્યું કે, 'આ મહારાજ તો બધું પોતાનું ધાર્યું જ કર્યે જાય છે.' એટલે તેમને એક વખત પૂજ્યશ્રીની સાથે સામાન્ય બાબતમાં મનમાં વિરોધ ઉત્પન્ન થયો.

આ ધર્માત્મા દેખીતી રીતે હતા તો મહાશ્રદ્ધાળુ. સાધુ મુનિરાજના પરમ ભક્ત પણ હતા. ક્રિયાશીલ પણ ઘણા હતા. અને આખા ય ઉપાશ્રયના વાતાવરણને ભર્યું ભર્યું રાખનારા હતા પણ માન એ એવો કરડો કપરો દુર્ગુણ છે. માનવ બધું કરે છતાં માનને જીતવો આ મહામુશ્કેલ કપરું કામ છે.

આ આગેવાનભાઈને તેવું જ કંઈક બન્યું. પૂજ્યશ્રીની બાબતમાં મનમાં સામાન્ય વિરોધની કલ્પના કરીને તેમણે તો ઉપાશ્રયે આવવાનું જ છોડી દીધું.

પૂ. ધર્મસાગરજી મહારાજે પહેલાં તો ૫–૭ દિવસ વિચાર્યું કે કંઈક

કામ પ્રસંગને લીધે અગર બહારગામ ગયા હશે તેથી નહિ આવતા હોય. મહારાજશ્રીને તો કલ્પના સરખી યે નહિ કે આ સુશ્રાવકને મનદુઃખ થયું છે. રોજ આવનાર વ્યક્તિ ન આવે ને તેને લગતા અનેક તર્ક વિતર્કો થાય તે પણ અતિ સ્વાભાવિક છે.

પૂજ્યશ્રીએ તેમના સંબંધમાં પૃચ્છા-પરછ કરી ત્યારે સાંભળવા મળ્યુ કે, 'છે તો ગામમાં જ પણ આપની સાથે કંઈક મનદુઃખ થયું હોય તેમ લાગે છે તેથી આવતા નથી.'

મહારાજશ્રીએ વિચાર્યું કે, 'ઠીક, નહિ આવતા હોય પણ આગેવાન શ્રાવક હોવાથી ચાતુર્માસિક પ્રતિક્રમણમાં તો જરૂર આવશે. એટલા કરે જ નહિ. તેથી આવશે એટલે જે કંઈ મનદુઃખ થવા પામ્યું હોય તેની ક્ષમા માગી લઈશ.'

શ્રાવકજી તો ચાતુર્માસી પ્રતિક્રમણમાં ન આવ્યા. મહારાજશ્રીએ વિચાર્યું કે–'ઉપાશ્રયમાં બેસનાર આગેવાન શ્રાવક થઈને પર્યુષણ તો એમને એમ નહિ જ કરે, પર્યુષણમાં

આકર્ષક અને લોકપ્રિય..............

ક્રાઉન બ્રાન્ડ

PURE ALUMINIUM
THE CROWN

એલ્યુમિનિયમનાં વાસણો તથા એનોડાઈઝ્ડ એલ્યુમિનિયમની વસ્તુઓ

સૌ કોઈનો અભિપ્રાય છે કે 'ક્રાઉન' બ્રાન્ડની વસ્તુઓ દેખાવે સુંદર, આધુનિક ઘાટવાળી, ટકાઉ અને ખર્ચેલા નાણાનું વળતર આપી રહે તેવા હોય છે

ઘર, હોટલ, હોસ્પીટલ તથા કોઈપણ ઉદ્યોગની એલ્યુમિનિયમની જરૂરિયાતો અમે પૂરી પાડીએ છીએ.

જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

'ક્રાઉન એલ્યુમિનિયમ હાઉસ' : ૨૩, બ્રેબોન રોડ : કલકત્તા-૧

મુંબઈ ★ મદ્રાસ ★ દિલ્હી ★ રાજમહેન્દ્રી ★ એડન

તો આવશે જ તે વખતે ક્ષમા માંગી લઈશ.'

મહાનુભાવ તો પર્યુષણના દિવસોમાં ન આવ્યા, ત્રણ દિવસ ન આવ્યા ત્યાં સુધી મહારાજશ્રીના મનમાં કે, 'કલ્પસૂત્ર શરૂ થતાં તો આવશે. અરે, મહાવીર જન્મ વાંચન વખતે તો આવશે જ. જેમાં એક નાનું બાળકે ય બાકી ન રહે તો શેઠ તો થોડા જ આવ્યા સિવાય રહેવાના છે?( પણ તે તો ન જ આવ્યા. છેલ્લે મુનિરાજે વિચાર્યું કે, 'કલ્પસૂત્ર–બારસા સાંભળવા તો અવશ્ય આવશે પણ શેઠ તો ન આવ્યા તે ન જ આવ્યા.' લોકોમાં પણ ચર્ચાનો વિષય બન્યો. પણ માન કષાય ક્યાં ચકચારથી હારી જાય તેમ હતો. મુનિરાજે વિચાર્યું કે, 'હવે છેલ્લો ટાઇમ સંવચ્છરી પ્રતિક્રમણનો છે, તેમાં તો આવ્યા વિના રહે જ નહિ. સંવચ્છરી પ્રતિક્રમણ તો સંઘ સમક્ષ જ કરે, અને એ આવે કે મારે તેમને મન–વચન–કાયાથી ખમાવી જ લેવા તે મારા માટે હિતાવહ છે, ખમાવનાર આરાધક છે. ને તેમને પણ મારા તરફનો દુર્ભાવ ટળે તે લાભ છે!'

અપરાધ કે પાપ થયા હોય તેની તરત જ ક્ષમા માંગી લેવી જોઇએ, કદાચ તે જ વખતે ન માંગી તો પ્રતિક્રમણ વખતે ક્ષમા માંગી લેવી જોઇએ. તેમ ન બને તો પંદર દિવસે પખ્ખિ પ્રતિક્રમણમાં, તેમ પણ ન બને તો ચાર મહિને ચોમાસી પ્રતિક્રમણમાં અને તેમ પણ ન બને તો સંવચ્છરી પ્રતિક્રમણમાં તો અવશ્ય દરેક જીવોની સાથે પ્રત્યેક જૈન ક્ષમાપના કરી જ લેવી જોઇએ.

પંદર દિવસે ક્ષમાપના ન થાય તો પ્રત્યાખ્યાનાવરણ કષાય આવે છે અને તે સર્વવિરતિ–સાધુપણાનો બાધક છે. ચાર મહિને ક્ષમાપના ન થાય તો અપ્રત્યાખ્યાની કષાય આવે છે અને તે દેશવિરતિ–શ્રાવકપણાનો બાધક છે. અને બાર મહિને પણ ક્ષમાપના ન થાય તો અનંતાનુબંધી કષાય આવે છે. અને તે સમકિતનો બાધક થાય છે. આથી સંવચ્છરી પ્રતિક્રમણમાં તો અવશ્ય ક્ષમા માંગી આત્મશુદ્ધિ કરવી તેમાં જ જૈનદર્શન પામેલા આત્માઓની જૈન દર્શનની પિછાણ છે.

તેમાં ય જેની સાથે મનદુઃખ થવા પામ્યું હોય તેની સાથે તો તેની પાસે જઇને પણ ખાસ ક્ષમાપના કરવી જ જોઇએ. ક્ષમાપના આપવામાં ઉદારતા અને માંગવામાં નમ્રતા રૂપ મોટા ગુણો સમાયેલા છે.

મહારાજશ્રીએ તો પ્રતિક્રમણ વખતે ચારે બાજુ નજર ફેરવી પણ તે શ્રાવક

તો આગલી હરોળમાં બેસનારા હોવા છતાં ક્યાંય દેખાવ જ નહિ.

મહારાજશ્રીએ વિચાર્યું કે,—'જ્યાં સુધી પરસ્પર ક્ષમાપના ન થઇ જાય તેવા કરી લીધેલા સાંવત્સરિક પ્રતિક્રમણનો કાંઈ અર્થ નથી. તેમના હૃદયમાં ઉદારતા અને નમ્રતા છલોછલ ભર્યાં હતા. છેવટે તેમણે તો જાતે સુશ્રાવકને ત્યાં ક્ષમાપના માગવા જવાની તૈયારી કરી. સંઘ પ્રતિક્રમણ માટે મળેલો. તેણે કહ્યું કે, 'ન આવ્યા તો કંઈ નહિ. આપને જવાનું કેવું હોય ? એમાં આપની અને સંઘની શોભા શી ?'

ગુરુ મહારાજે જણાવ્યું કે, 'તેમાં જ ખરી શોભા છે અક્કડ રહેવામાં શોભા નથી.' મારા નિમિત્તે તેઓ ધર્મસ્થાન મૂકી દે, ધર્મની આરાધના ચૂકે તે ઠીક નહિ' તે તો પોતાના એક શિષ્યને લઈ શ્રાવકને ઘેર ગયા.

તે આગેવાન શ્રાવક તો પહેલેથી જ સમજેલા હતાં કે, આ 'ગુરુ મહારાજ સંવચ્છરી પ્રતિક્રમણ એમને એમ તો નહિ જ કરે એટલે સામસામા મળવાનો પ્રસંગ જ નહિ આવવા દેવા બારણાને અંદરથી સાંકળ વાસીને પ્રતિક્રમણ કરવા બેસી ગયા.' મહારાજશ્રીએ ઉઘાડવા કહ્યું પણ બારણું ઉઘાડે તો ને !


## અરવિંદ સી. શાહ

[ ફોટો આર્ટીસ્ટ ]

**ઓથોરાઈઝ્ડ ડીલર્સ**

**ઈલફર્ડ અને ફ્યુજી**

જૈનોના તમામ તીર્થો અને તીર્થંકર ભગવંતોના સાદા તેમ જ ટેકનીકલરમાં દરેક સાઈઝના ફોટાઓ તેમ જ ટેકનીકલર સ્લાઇડો અમારે ત્યાંથી મળશે.

તેમ જ લગ્ન સમારંભ, મિજબાનીઓ, સભાઓ, ઉત્સવો તેમ જ ધાર્મિક અનુષ્ઠાન પ્રસંગોમાં કીફાયત ભાવે ફોટાઓ પાડી આપીશું.

—: મળો યા લખો :—

**૪૯, જવાહરનગર, મહાકુંજ, ગોરેગાંવ, મુંબઇ ૬૨.**

છેવટે મહારાજશ્રીએ કહ્યું કે, 'તમને જેમ ઠીક લાગે તે રીતે હું ખમાવવા તૈયાર છું. બારણું ઉઘાડો પણ ખમાવ્યા સિવાય મારું કે તમારું પ્રતિક્રમણ સારું થશે નહિ. એમ લાગ્યા કાકલૂદી કરતાં ઉઘાડે છે' પણ ઉઘાડતાની સાથે જ ચાર આંખ ભેગી થતાં શેઠનો ગર્વ અગ્નિમાં ઘી ઓગળે તેમ ઓગળી ગયો. અને મહાશ્રાવક મહારાજના પગમાં પડી ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા અને ક્ષમા માંગવા લાગ્યા. અને કહેવા લાગ્યા કે 'મને આ શું સૂઝયું કે આપની સાથે મેં આમ કર્યું. હું આજ સુધી જૈનધર્મને પામ્યો જ નહીં.' મહારાજશ્રી શેઠને ખૂબ આશ્વાસન આપે છે અને પરસ્પર ક્ષમાપના કરે છે. અને મહારાજશ્રીની સાથે ઉપાશ્રયે આવી સંઘની પણ ક્ષમા માંગે છે. આમ સંઘ સાથે શલ્યરહિત થઈ શુદ્ધ પ્રતિક્રમણ કરે છે.

વંદન હો એ ઉદાર મહાત્માને !

ધન્ય હો આવા સંવત્સરી પ્રતિક્રમણને !

[ 'કલ્યાણ' ના સૌજન્યથી ]

'બુદ્ધિપ્રભા' ને લગતા તમામ કામ માટે
આ સરનામે મળો—

'બુદ્ધિપ્રભા'

C/o ભગવાન શાહ

૧૭૦ / ૭૨, ગુલાલવાડી. ૧ લે માળે,

બુદ્ધિપ્રભાનો
સપ્ટેંબર માસનો અંક
બંધ રહેશે.

અને હવે પછી
ચરમ તીર્થંકર
ભગવાન મહાવીર સ્વામીના
નિર્વાણ કલ્યાણક
પ્રસંગે

# દીવાળી અંક

૧૮ ઓકટોબર '૬૫ ના
પ્રગટ
થશે.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : ઇંદિરા ગુણવંતલાલ શાહ
મુદ્રણાલય : " જૈન વિજય " પ્રિંટિંગ પ્રેસ, ગાંધીચોક–સુરત.